**શહેરમાં હાર્ટ પ્રોટેક્શન સમિટ યોજાઈ**

# દેશમાં ૪૦ વર્ષથી નીચેના વ્યક્તિઓને હાર્ટ એટેક આવવાની સંખ્યા વધી




શહેરમાં મળેલી હાર્ટ પ્રોટેક્શન સમિટમાં ઉપસ્થિત મહાનુભાવો.

**નવગુજરાત સમય** > અમદાવાદ

ઈન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચ, એસોચેમ ઈન્ડિયા, ગુજરાત સરકાર અને નિયો કાર્ડિયાબ કેરના સંયુક્ત પ્રયાસથી શહેરમાં હાર્ટ પ્રોટેક્શન સમિટનું આયોજન થયું હતું. જેમાં શહેરના નામાંકિત હૃદયના નિષ્ણાત ડૉક્ટરોએ ભાગ લીધો હતો. ભારતમાં હૃદય રોગના શિકાર બનતા દર્દીઓની સંખ્યામાં ઉત્તરોત્તર વધારો થયો છે. છેલ્લા ૧૫ વર્ષમાં આ આંકડો બમણો થયો છે. દેશમાં ૩૦ ટકા લોકો બ્રેન અને હાર્ટ સંબંધિત રોગના કારણે મૃત્યુ પામે છે. ત્યારે આવા દર્દીઓને આપણા દેશમાં શ્રેષ્ઠ સારવાર મળે તે હેતુથી સરકાર અને ફાર્મા કંપનીઓ દ્વારા પ્રયાસ હાથ ધરવામાં આવ્યો હતો.

કાર્યક્રમમાં ઉપસ્થિત ભારત સરકારના હેલ્થ એન્ડ ફેમિલી વેલફેરના સેક્રેટરી ડો. વિશ્વ મોહન કટોચે કહ્યું હતું કે, વિદેશથી આવતી દવાઓનું એસેસમેન્ટ કરવા સરકાર પાસે કોઈ તંત્ર નથી. ત્યારે આવી દવાઓ ભારતમાં પણ ઉત્પાદિત થાય તેવા સંયુક્ત રીતે પ્રયાસ કરવાની તાતી જરૂરિયાત છે. ગુજરાત સરકારના ફૂડ એન્ડ ડ્રગ કંટ્રોલ કમિશનર ડૉ. કોશિયાએ કહ્યું હતું કે, ભારત દેશમાં મોટા ભાગની એલોપેથી દવાઓ ઈમ્પોર્ટ કરવામાં આવે છે. જ્યારે આપણો દેશ ૨૦૦ કરતા પણ વધુ દેશમાં વિવિધ ચીજવસ્તુઓનું એક્સપોર્ટ કરે છે. ત્યારે આવી હૃદય સંબંધિત દવાઓ અને સારવાર માટે વપરાતા સાધનોનું ઉત્પાદન આપણા દેશમાં પણ થઈ શકે છે. આમ થશે તો દેશના છેવાડાના માનવી સુધી સારવાર પહોંચશે અને મૃત્યુઆંક પણ ઘટશે.

હાર્ટ પ્રોટેક્શન સમિટમાં ઉપસ્થિત જાણીતા કાર્ડિયોલોજીસ્ટ ડૉક્ટર કેયૂર પરીખે વિશ્વમાં થયેલા હાર્ટ સંબંધિત સંશોધન અંગે માહિતી આપી હતી અને વર્તમાન સમયમાં મેડિકલ સાયન્સ સામેના પડકારોથી વાકેફ કર્યા હતાં. તેમણે કહ્યું હતું કે, અન્ય દેશોની સરખામણીએ ભારત દેશમાં ડાયાબિટીસ અને ઓબેઝ લોકોની સંખ્યા વધી રહી છે. તેના કારણે હાર્ટના દર્દીઓની સંખ્યા વધી છે. ડૉ. સમીર દાણીએ વિશ્વમાં થતા બનાવો અને ભારતમાં વધતી હાર્ટ એટેકની સંખ્યાની આંકડાકીય માહિતી આપી હતી. તેમણે કહ્યું હતું કે, પશ્ચિમી દેશોમાં ૬૫ વર્ષની ઉંમર બાદ હાર્ટ એટેકના બનાવો જોવા મળે છે. જ્યારે ભારતમાં ૪૦ વર્ષની ઉંમરે પણ હાર્ટ એટેક આવવાના બનાવ છે.

ડૉ. અનિલ જૈને કહ્યું હતું કે, કોઈ પણ વ્યક્તિને હાર્ટ એટેક આવે ત્યારબાદ તેનું આયુષ્ય લગભગ ૧૫ અથવા ૨૦ વર્ષનું રહી જાય છે. દર ૪૦ સેકેન્ડમાં એક વ્યક્તિ હાર્ટ એટેકના કારણે મૃત્યુ પામે છે. જ્યારે ડૉક્ટર ભુપેશ ડી. શાહે હૃદયને સુરક્ષિત રાખવા માટેના કેટલાક મહત્વના ઉપાયો બતાવ્યા હતા અને હાર્ટ એટેકથી બચવા ખોરાકમાંથી ચરબી યુક્ત આહારને ઓછો કરવાની સલાહ આપી હતી. કાર્યક્રમમાં ફાર્મા કાઉન્સિલ ગુજરાત એસોચેમના ચેરમેન વિશાલ રાજગરિયા પણ ઉપસ્થિત રહ્યાં હતાં અને તેમણે વધતા જતા હાર્ટ એટેકની સંખ્યા અંગે ચિંતા વ્યક્ત કરી હતી.